ગાંધીનગર સમાચાર

પાટનગર યોજના ભવનની સબ ડિવિઝનલ કચેરી રામભરોસે




દબાણ મુક્ત શહેર - ગાંધીનગરને ગંદકી અને દબાણનું ગ્રહણ અટકાવવા તંત્ર ભારે મહેનત કરી રહ્યું છે... પરંતુ કોણ જાણે કેમ ગંદકીથી અને દબાણથી ગાંધીનગર શહેરને મુક્ત કરવાનું દિન-પ્રતિદિન અઘરૂ બનતું જાય છે... મહાનગરપાલિકા તંત્ર અને પાટનગર યોજના વિભાગ દ્વારા ગેરકાયદેસર દબાણો હટાવવા વધુ એક ઝુંબેશ સોમવારે યોજાઈ હતી... સેક્ટર-૪માંથી ગેરકાયદેસર બાંધકામ અને ઝુંપડા હટાવાયા હતા... જો કે સેક્ટરના રહીશોમાં એક વિષય ચર્ચાનો તો રહ્યો જ હતો કે, જે ખરેખર દબાણ અને ઢોરવાડાના દબાણ છે તે કોઈ કારણોસર હટતા જ નથી... લોક જીભે ચર્ચાતી વાતો સાચી માનીએ તો દબાણ હટાવવાની કામગીરીની અગાઉથી જાણ દબાણકારોને કરી દેવાય છે...

# જિલ્લામાં ૬૬ હજાર હેક્ટરમાં રવિસિઝનની વાવણીનો અંદાજ

## ઘઉં અને બટેટા તેમજ શાકભાજીના છુટા છવાયા વાવેતરો શરૂ થઈ ગયા છે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં રવિસિઝનની વાવણીનો આરંભ થઈ ગયો છે અને આ વખતે ૬૬ હજાર હેક્ટરમાં વાવેતર થવાના અંદાજો છે.

જિલ્લામાં સામાન્યતઃ રવિ સિઝન દરમ્યાન ૫૦ થી ૫૫ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થતુ હોય છે પરંતુ આ વખતે ઠંડીનો રાઉન્ડ વહેલો શરૂ થઈ ગયો હોવાથી વિક્રમજનક વાવેતર થવાનો અંદાજ છે.

જિલ્લામાં રવિ સિઝનની વાવણીનો આરંભ સાથે ૯૦૦ હેક્ટરમાં વાવેતર થઈ ગયુ હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. લાભપંચમી અને છઠ્ઠના દિવસોથી આ વાવણીનો આરંભ થયો છે.

રવિ સિઝનમાં ઘઉં, બટાટા તેમજ રાઈના પાકનું વાવેતર થશે આ ઉપરાંત જિલ્લાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાંથી ચણાના વાવેતર માટેની પણ તૈયારી કરી હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# વાઈબ્રન્ટ પુર્વે શહેરના સ્ટ્રીટ લાઈટના થાંભલાને કલર કરાશે

## કટાયેલી હાલતમાં કંગાળ ભાસતા સ્ટ્રીટ લાઇટના થાંભલાને રંગરોગાન કરવા સર્વે હાથ ધરાશે

ગાંધીનગર તા ૭

શહેરમાં સ્ટ્રીટ લાઈટના પોલ્સ કંગાળ અને કટાયેલી હાલતમાં છે. જો કે થોડા સમય અગાઉ તંત્ર દ્વારા એક હજાર જેટલા પોલ્સને કલરકામ કરવામાં આવ્યુ હતુ જયારે આગામી વાઈબ્રન્ટ સમિટ પુર્વે શહેરના મુખ્ય માર્ગો સહીત જરૂરી ઠેકાણે થાંભલાને કલર કરવામાં આવશે. જેમાં વાઈબ્રન્ટને અનુલક્ષી ખ અને જ માર્ગ પરના પોલ્સને પણ કલર કરવામાં આવશે.

શહેરમાં સ્ટ્રીટ લાઈટની જાળવણીનુ કામ ખાડે ગયુ હોવાનો જનઆક્રોશ પ્રબળ બન્યો છે. છેલ્લા ઘણાં સમયથી સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો સેકટરવાસીઓ માટે શિરદર્દ સમાન બની છે. બીજીતરફ સેકટરોમાં બંધ રહેતા સ્ટ્રીટ લાઈટના થાંભલાની સાથે નવી સમસ્યાઓ પણ ઉભી થવા પામી છે. સેકટરોના એપ્રોચ રસ્તા પાસે કટાયેલી હાલતમાં કંગાળ ભાસતા સ્ટ્રીટ લાઈટના પોલ્સ યોગ્ય કરવા રહીશોમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે. અગાઉ તંત્ર દ્વારા સેકટરોમાં એક હજાર જેટલા પોલ્સને કલરકામ કરવામાં આવ્યુ હતુ.

જયારે હાલ આ માટે સર્વે હાથ ધરવામાં આવશે. જેના અંતે પોલ્સને કલર કરવાનુ શરૂ કરવામાં આવશે. આગામી વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ તંત્ર દ્વારા સ્ટ્રીટ લાઈટના થાંભલાને કલરકામ કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા સર્વે કરી કામ હાથ ધરાશે પરંતુ વાઈબ્રન્ટને ધ્યાને લઈ શહેરના ખ અને જ માર્ગ પર તમામ પોલ્સને કલર કરાશે જયારે સેકટરોના એપ્રોચ રસ્તા સહીતના થાંભલાઓને પણ કંગાળ દેખાવમાંથી મુક્ત કરવા માટે રંગરોગાન કરવામાં આવશે. આ કામગીરીમાં મુખ્ય રસ્તાને અગ્રતા અપાશે. શહેરમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ જાહેરખબરનુ માધ્યમ બની ગયા છે. ત્યારે થાંભલા પર બેનર્સ પેમ્ફલેટ તેમજ સ્ટીકરો ચિપકાવતા તત્વો સામે પણ પગલા લેવાય તેવી માંગ ઉઠવા પામી છે.

# પેથાપુરમાં તબીબની ખાલી જગ્યા અંગે મિશન સમક્ષ નગરજનોનો રોષ

## પ્રસુતિ અંગેની સેવાઓ, લાભાર્થીને અપાતા લાભ સહિત આંગણવાડી કેન્દ્ર અને આશા કાર્યકરોની કામગીરીની કોમન રિવ્યુ મિશને ચકાસણી કરી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર નજીક આવેલ પેથાપુરના અર્બન હેલ્થ સેન્ટરમાં ડૉક્ટરની ખાલી જગ્યા ભરવા માટે તંત્ર સમક્ષ વારંવારની રજુઆતો પછી પણ દાખવવામાં આવી રહેલી ઉદાસીનતા સામે આજે અર્બન હેલ્થ સેન્ટરની ચકાસણી માટે આવેલ કોમન રિવ્યુ મિશન સમક્ષ ઉગ્ર રજુઆતો કરવામાં આવી હતી.

નગરજનોના રોષને પારખી ગયેલા મિશનના સભ્યોએ તાત્કાલિક મિશનની ટીમને ત્રણ ભાગમાં વહેંચી દીધી હતી અને ગ્રામજનો તેમજ નગરપાલિકાના કાઉન્સીલરોની રજુઆતને સાંભળવા માટે એક ટીમ બનાવી દીધી હતી.

બીજી ટીમે આંગણવાડીની મુલાકાત લઈ ચાલતી બાળ-આરોગ્યની કામગીરી અંગે સમીક્ષા કરી હતી. આ ઉપરાંત અહિ અન્ય કોઈ ચેપીરોગ છે કે કેમ ? તેને લઈ પણ સમીક્ષા કરી હતી.

ત્રીજી ટીમે પ્રસુતિને લગતી તેમજ પ્રસુતિ બાદ અને પહેલાં આપવામાં આવતી સેવાઓની સમીક્ષા અને ચકાસણીની કામગીરી કરી હતી. બે કલાકથી પણ વધુ સમય સુધી આ ત્રણેય ટીમોએ અતિ ઝીણવટતાથી ચકાસણી કરી હતી.

૧૦૮ની સેવાઓને લઈ તેમણે વારંવાર પ્રશ્નો કર્યા હતા

● અનુસંધાન પાન-૭ પર

# પંચાયતમાં ૧૦૯ જેટલી જગ્યાઓ પર ભરતી માટેની કવાયત અંતિમ ચરણમાં

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા પંચાયતની ખાલી પડેલી જુદી જુદી પાંચ સંવર્ગની ભરતી માટેની કવાયત જિલ્લાકક્ષાએ હાથ ધરવામાં આવી છે અને આ અંગે ટુંકમાં જ ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે તેવા સંકેતો મળી રહ્યા છે.

મળતી વિગતો મુજબ જુનિયર કારકુન, ગ્રામસેવક, તલાટી, મલ્ટી પરપઝ હેલ્થ વર્કર (પુ) અને એફ.એચ.ડબલ્યુની જગ્યાઓ પર ભરતી કરવા માટેની કવાયત તેના અંતિમ તબક્કામાં પહોંચી ચુકી છે.

પંચાયતમાં ૩૦૦થી વધુ જગ્યાઓ જુદા જુદા સંવર્ગની ખાલી પડેલી છે. રાજ્ય સરકારે તાજેતરમાં પંચાયત સેવા પસંદગી મંડળને આ ભરતી કરવા માટેની આપેલી મંજૂરીને પગલે કવાયત હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે પંચાયતમાં કારકુન સંવર્ગની જ ૫૦થી વધુ જગ્યાઓ ખાલી પડેલી છે. સરકાર દ્વારા ૧૫ જેટલી જગ્યાઓ તાત્કાલિક અસરથી ભરવા માટે જણાવ્યુ છે. આ ઉપરાંત ગ્રામસેવક સંવર્ગની પણ ૪૦થી વધુ જગ્યાઓ ભરવા માટે જણાવાયુ હોવાથી તે અંગેની કવાયતો તેજ બની હોવાનું પણ સૂત્રોએ જણાવ્યુ છે.

મળતા નિર્દેશો પ્રમાણે ૧૫મી નવેમ્બર સુધીમાં પંચાયત સેવા પસંદગી મંડળની બેઠક યોજવામાં આવશે જેમાં ખાલી જગ્યાઓ અંગેનું ચિત્ર રજુ કરી અને ભરતીની પ્રક્રિયા માટેની લીલી ઝંડી આપવામાં આવશે. આ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગેનો કાર્યક્રમ પણ આખરી કરવામાં આવશે.

સરકાર સાથે સંકળાયેલા સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ૨૦૧૭ના ચૂંટણી જંગને નજર સમક્ષ રાખી માર્ચ-૨૦૧૭ પહેલા ભરતી પ્રક્રિયા આટોપી લેવામાં આવશે અને રાજ્યભરમાં ૧૦ હજારથી વધુ જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે.

# પાટનગર યોજના ભવનની સબ ડિવિઝનલ કચેરી રામભરોસે

## મુલાકાતીઓ મુંઝવણમાં : વિજળીનો બેફામ બગાડ

ગાંધીનગર તા ૭

પાટનગર યોજના ભવનની કચેરી દ્વારા શહેરમાં રસ્તા પાણી અને ગટર સહીતની મહત્વની માળખાગત સુવિધા પુરી પાડવાની જવાબદારી નિભાવામાં આવે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી પાટનગર યોજના ભવનનો વહીવટ ખાડે ગયો છે. એકબાજુ મેનપાવર ઓછો હોવાનુ બુમ ઉઠવા પામી છે. પરંતુ ઉપલબ્ધ મેન પાવર પણ ફિલ્ડ વર્કના નામે હાજર ન રહેતા સદંતર ખાલીપો જોવા મળે છે. ખાલી ડિવિઝનલ કચેરીમાં એક પણ કર્મચારીની હાજરી ન હોવાછતા વિજળીનો વેડફાટ થતો હોવાનો આક્રોશ પણ મુલાકાતીઓમાં પ્રવર્તયો છે. સરકાર ઝડપી અને પારદર્શક વહીવટના લેશન આપે છે. આવા સંજોગોમાં મેન પાવર નથી તેવી બુમો પાડતા બાબુઓમાં ઓફિસ મેનર્સનો સદંતર અભાવ વર્તાઈ રહયો હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે. શહેરમાં પાણી ગટર વેરો વસુલવાની નબળી કામગીરીનુ પણ ચિત્ર પણ કચેરીના જવાબદાર અધિકારીઓ પાસે નથી. વેરા વસુલાતની ઝુંબેશના અંતે કામગીરીનો ચિતાર પણ તંત્ર પાસે સ્પષ્ટ નથી. પાટનગર યોજના ભવનમાં સબ ડિવિઝન ૧૦ ની કચેરી રામભરોસે હોય તેવી સ્થિતિનુ નિર્માણ થયુ છે. આ ડિવિઝનલ કચેરીમાં ઓફિસ અવર્સ દરમિયાન એકપણ કર્મચારી હાજર ન હોવાથી અરજદારો તેમજ મુલાકાતીઓએ પણ ધક્કે ચઢવાનો વારો આવ્યો હતો.



પાટનગર યોજના ભવનમાં સ્થિત અનેક વિધ ડિવિઝનલ કચેરીમાં છેલ્લા કેટલાક સમયથી મેનપાવર ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. મેન પાવરના અભાવ વચ્ચે વહીવટી કામગીરી તેમજ વિકાસ કામો પર વિપરિત અસર થતી હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. ત્યારે હાલ ઉપલબ્ધ મેન પાવર પણ ફરજ પર હાજર ન રહેતા વિવિધ ડિવિઝનલ કચેરીઓમાં ખાલીપો જોવા મળી રહયો છે. સબ ડિવિઝનલ કચેરીઓ મોટાભાગે સદંતર ખાલીખમ જોવા મળે છે. સાહેબ ફિલ્ડમાં છે. તેવા રૂઆબદાર જવાબ કાને અથડાતા જ અરજદારોએ દરવાજેથી જ પાછા વળી જવાનુ રહે છે. સાહેબની સાથે આખો સ્ટાફ ફિલ્ડમાં

● અનુસંધાન પાન-૭ પર


**સ્પર્ધાત્મક પરીક્ષાઓની તાલિમ માટે ફ્રી સેમિનાર**

૧૦ નવે. ને ગુરૂવારે તથા ૧૨ નવે. શનિ ફ્રી સેમિનાર બપોરે ૧૨ થી ૨

**સ્માર્ટ ટ્રેનિંગ & રિસર્ચ સેન્ટર પ્રા. લિ. કંપની**



ડો. કલ્યાણસિંહ ચંપાવત (Ph.D.-HRD)
વર્લ્ડ બેસ્ટ માસ્ટર ટ્રેનર - મેનેજમેન્ટ ગુરૂ

સ્થળ :- સ્વામી સચ્ચિદાનંદ બ્રહ્મ ભવન, રંગમંચ સામે, વિદ્યા લાયબ્રેરીની બાજુમાં, સેક્ટર - ૧૬, ગાંધીનગર.

મો. ૭૦૪૬૨ ૬૯૯૫૭, ૯૫૧૨૦ ૫૧૪૦૧, ૯૯૯૮૮ ૯૭૦૨૩, ૯૯૦૪૯ ૩૬૬૭૫

- ASI/PSI - ૬૮૫ જગ્યા - GPSC - ૩૧૦ જગ્યા -ગૌણ સેવા પસંદગી મંડળ - ૯૧૮ જગ્યા તથા બેંક અને એલ.આઇ.સી. ની ભરતી માટેની શ્રેષ્ઠ તાલિમ સંસ્થા.
- તેજસ્વી વિદ્યાર્થીઓની તાલીમ ફી નોકરી મળ્યા બાદ ભરવાની રહેશે.
- ૨૦૦ થી વધુ મેડલ તથા ૧૦૦૦ થી વધુ પ્રમાણપત્ર મળ્યા હોય તેવી એક માત્ર સંસ્થા.
- દરરોજ ટ્રેનિંગ તથા દરરોજ ટેસ્ટ તથા દરરોજ પરિણામ.
- ૨૦ વર્ષથી સ્પર્ધાત્મક પરીક્ષાની તાલિમની અનુભવી સંસ્થા.
- તમારા પાલ્યને ૧ વર્ષ માટે અમને સોપો અને સરકારી નોકરીની ખાત્રી મેળવો.
- છેલ્લા ૧૫ વર્ષમાં ગુજરાતના ૩૦૦૦ થી વધુ યુવાનો સરકારી નોકરી લાગ્યા છે.
- સોમ થી શુક્રની સવાર/બપોર/સાંજ/ તેમજ શનિ - રવિની અઠવાડિક બેચ.
- Come With Your Dream & Go With Success



નૂતન વર્ષાભિનંદન

**ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ**

વિ.સં.-૨૦૭૩ નવા વર્ષની શુભકામનાઓ સાથે નવું વર્ષ આપ સૌને - ફળદાયી, યશસ્વી, સુખાકારી, આરોગ્યમય નિવડે તેવી શુભેચ્છાઓ... સાથે નવા વર્ષના સર્વે નગરજનોને મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું...



**કેશરીસિંહ બિહોલા**

પ્રમુખ - ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ
પૂર્વ પ્રમુખ - ધી ગુજરાત સચિવાલય સ્ટાફ એસોસીએશન
પૂર્વ પ્રમુખ - ધી સચિવાલય સહકારી ઉપહાર ગૃહ લી.
રહે. - પ્લોટ નં. ૭૩૨/૨, શક્તિ નિવાસ, સેક્ટર-૫/બી, ગાંધીનગર
મો. ૯૯૭૪૫ ૨૫૬૨૮



**જોઈએ છે**

પ્રિ. પ્રાથમિક, પ્રાથમિક વિભાગ, અંગ્રેજી માધ્યમમાં શિક્ષિકા બહેનની જરૂર છે. અંગ્રેજી મિડિયમ અથવા અંગ્રેજી વિષય સાથે સ્નાતક થયેલે રૂબરૂ મળવું. અપડાઉન માટે વાહનની સુવિધા ઉપલબ્ધ

**લિટલ એન્જલ્સ ઈન્ટરનેશનલ સ્કૂલ**

ઉ. મહાદેવ રોડ, હાઉસીંગ ચાર રસ્તા, દહેગામ, જી. ગાંધીનગર

મો. ૯૭૨૨૯ ૨૯૫૫૫



www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ**®

AN ISO 9001:2008 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN® | ashirvad | BENELAVE™ | DR. FIXIT® | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK500® TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com